તખ્તસિંહજી વિરહ.

યાને

સંસ્થાન ભાવનગરના ગોહિલપતિ નેકનામદાર
મહારાજા રાઓળ શ્રી સર તખ્તસિંહજી
બહાદુર જી. સી. એસ. આઈ.
એલ. એલ. ડી. કૈલાસવાસી
થવાથી અત્યંત ખેદ-
કારક ઉપનેલી
દીલગીરી.

રચનાર
પોલીસસ્વાર મુ. એ. સીદી, ભાવનગરનિવાસી.

છપાવનાર
મહુમદ પીરભાઈ—ભાવનગર.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

ચિત્રા
ધી "ગોહેલવાડ" પ્રીંટીંગ પ્રેસ.

કીમત એક આનો.

પ્રસ્તાવના.

સંસ્થાન ભાવનગરના નામદાર મહારાજા રાઓળશ્રી સર તખ્તસિંહજી બહાદુર ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધી મોસ્ટ એક્ઝોલટેડ ઓરડર ઓફ ધી સ્ટાર ઓફ ઇન્ડિયા એસ. એસ. ડી. નો જન્મ સંવત ૧૯૧૪ના પોષ વદ ૭ મે થયો ત્યારપછી કેટલાએક વર્ષ સુધી કીંગ કોલેજમાં રાજકોટ મધ્યે રહી અભ્યાસ કરી સારી કેળવણી સંપાદન કર્યા બાદ તેઓના નામદાર પિતા મહારાજા રાઓળશ્રી સર જસવંતસિંહજી સ્વર્ગવાસી થતાં પોતે ગાદીપર બેસી ધર્મની ધ્વજા ફરકાવી; ને જ્યાં જેવાં જોઈએ તેવાં સુખરૂપી સાધનો કરી આપ્યાં. અને દુઃખી માણસોના દુઃખ વિદારવા માટે કોટી કોટી પરોપકારી કાર્યો કર્યા અને ગરિબો તથા અપંગ માણસોનાં સુખને માટે ધર્મશાળાઓ બંધાવી અને સદા વ્રતો ચાલુ કર્યા ઠામ ઠામ જાતે ફરી રાજ્ય રીતિ તપાસી રાજ્યમાં અને લોકમાં ઘણોજ વધારો કર્યો તમામ ખાતાંઓમાં જોઈતી ગોઠવણો કરી અને પોતાના દર વર્ષ ગાંઠ ઉપર મીઠાઈઓ વગેરે વેહેંચી કેળવણીને અત્યંત ઉત્તેજન આપ્યું વળી તમામ રૈયતને બેટા બેટી સમાન ગણી, હિંદુ તથા મુસલમાન ભાઇઓને સરખું સુખ આપ્યું આવા દયાળુ પિતાના પુત્ર તરફ નિહાળતાં વિક્રમથી પણ અનંત છે એમ કહી શકાય એમના કરેલાં સર્વ કૃત્યો પ્રજાને સુખ આપનાર તથા બુદ્ધિ વધારનાર ને કેળવણી ભરેલાં છે; એમાં જરા પણ સંશય નથી.

સદરહુ નામદાર મહારાજા પોતાની ઓગણુ ચાલીશ વર્ષની વયે આફાની દુનિયાનો ત્યાગ કરી; બે દિવસનો ટુંક મંદવાડ ભોગવી સંવત ૧૯૫૨ ના મહા સુદી ૧૪ ને બુધવારે બપોરના બાર વાગ્યા ઉપર પંદર મિનિટે સ્વર્ગવાસી થયા છે; તેમના કૈલાસ વાસ થવાથી આ શેહેર તથા તેમના તાબાની તમામ રૈયતને અત્યંત ખેદકારક દિલગીરી પેદા થઇ રહી છે. આવા માઠા બનાવથી તેમના તાબાની તમામ ઓફીસો સાત દિવસ સુધી બંધ રાખવા તથા માસ ત્રણ સુધી શોક પાળી હરરોજ બપોર વખતે થતો તોપનો બહાર બંધ રાખવા; અને પીસગાર્ડનમાં અઠવાડીમાં બે દિવસ વાગતું બેન્ડ વાજું નહિં વગાડવા મહારાજા શ્રી ભાવસિંહજી તરફથી હુકમ ફરી વળ્યો છે.

આવા નામદાર અને દીન દુઃખ ભંજન સખાવત બહાદુર રાજાને માટે જેટલી દિલગીરી પેદા થાય તે ઓછીજ છે.—આગીન.

લા○ સેવક,

પોલીસ સ્વાર યુ. એ. સીદી.

ક્ર૨૦૪

તખ્તસિંહજી વિરહ.

શિખરણી.

અહોહોહો આરો, નરવર ભોપજ ગય ગયો,
અરર પતિ ગોહિલતો, શિહનેરે સ્વર્ગે ગયો.
હર હર સંભુ આશું, રાજનને તેં હણી લીધો;
અહોહોંહો આતો, કોપજ ખરેખર ઈશ કાયો.
રૂવે અખિલ પૂરી, અમણ પતિ ક્યાંરે ગયો;
અરેરે ઓય ઓયે, અતિ જુલમ આતે શો થયો.
અહો તખ્તા પ્રેમી, નિરમળમની આપજ હતા;
રહ્યો આપની સંગે, બધી રૈયતનો પ્રેમજ સદા.
સુણી વાક્યો તારાં, કપટ નહિ મનમાં જરી,
ઝરે દુઃખની ઝરણા, કહું કવિ હું હે હરી.

લલિત છંદ.

અરર હાયરે હાય હાયરે; મનમહિં અતિ શોક થાયરે.
રંક લોકનું સુખ સૌ ગયું; સૂર્ય આડુ આ વાદળું થયું.
બહુ જનો રડે ક્યાં વિલાપથી; થાય ચિત્તમાં આપદા અતિ
સુજ વિયોગથી અન્ન ના ગમે; મન મહિ બહુ વેદના દમે.

શુભ સહાકનો આંખિયાં પુરે; આશ હોય તે તમ થકિ સરે.
દિલ વિષે દયા લાવીને જરી; ક્યારે આવશો આજ અહિં ફરી.
એવું મુખ થકી ભાખીયે અમે; પુર પધારશો ક્યારેરે તમે.
તખ્તસિંહ ભજે દિન રાતડી; કુટી કુટી કરે રાતી છાતડી.
તુજ વિયોગથી શોક બહુ થયો; સુખદ સૂર્ય આ અસ્ત થઇ ગયો.
ધર્મ ઢાલ તેં ધોરી બાંધારે; સુખ તણી સીમા તેજ સાંધારે.
દુઃખ અતિ અહો તે શું ઉચરું; મુખ થકી બિયાં જાયના કરું
અહો પ્રભુ તુને કોઇના મળ્યો; જગતનો હીરો ક્યાંથી જઈ કળ્યો.
તખ્તસિંહજી ભુપ માટરે; લીધા હોત તેં લાખ સાટરે.
અદકું એટલું તેથી નહિ જરી; તખ્ત ભૂપને ક્યાં મળું ફરી.
હાય હાયરે અરર હાયરે; ખબર સાંભળી કંપે કાયરે.

સુણો સજન સહુ પત્ર તમે આ એ રાગ.

ગોહિલ મધ્યે શેહેર ભાવેણું, તખ્તસિંહજી મહારાજા;
સંભાળે કુલ રૈયતને એ, અઢાર *પાદરના રાજા.
ધર્મ કર્મ મર્મ કરી જાણે, એવી નૃપની બલિહારી;
પૈસાને કંઈ ગણ્યો ન લેશે, થયા મહા સુખ ત્રિપુરારી.
દેશની માંહે તળાવ દેરાં, કરીયા હર્ષ ધરી હજાર;
ગુણ ગણતાં કદી પાર ન આવે, તખ્તા ભૂપ બડા દરબાર.
કર્ણે સાંભળ્યાં કષ્ટો કાપે, એવી તેની રૂડી રીત;
સર્વે પ્રજા પર એકભાવથી, રાખતા હતા પ્રૌઢી પ્રીત.

* અઢારસેં

સારાં સારાં મંદિરોને, બહુ વધાર્યે સારૂ શહેર;
આનંદ આપે અતિ ઘણોને, વર્તાવે બહુ લીલા લહેર.
રીતી પ્રીતીથી રાજ્ય ચલાવ્યું, ગણી સર્વનો સરખો હક્ક;
કદી કોઇને દુભવ્યા નહિ; ને દુઃખી લોકનાં કાપ્યાં દુઃખ.
કાળની માંહે કષ્ટ વેઠીને, ખાવાનું આપે એ રાય;
સાધુ સંતને મીર ફકીરો, ખુશી કરી મનમાં મલકાય.
સર્વ લોકની અરજને સાંભળી, દુઃખ કાપે એ સુખ દાતા;
આહાર ને વળી નિદ્રા ઓછાં, રૂપ ગુણ પણ સુખશાતા.
વિક્રમ જેવા વિદિત કરીએ, જોડ મળે નહિં જગમાં જાણ;
થઇ ગયા જશ લઇ ગયા પણ, પડી ખરેખર તખ્તા તાણ.
તખ્તા તૃપ્તા ગયા કૈલાસે, ભૂપ અનુપ નહિ મળશે;
કહો કેવી રીતે એ ઉંચા કૃત્યો કરનારા જડશે.

હું ફસાણી અજાણી—એ રાગ.

થાય બગાયો, કળાયો નરવર ભાવપૂરીના મહારાજાનો આજ,
ભૂપાળ; કૃપાળ, નૃપાળ માયાળ, સંભાળ, દુઃખની લેનાર,
દેદાર દેનાર આધાર નહિં ધાર,
આહાર, કષ્ટ હરનાર. થાય૦

વિચારી, નાદારી લાચારી, આધારી, નિરાધારી સૌ થાય,
સુખથી ભૂખથી, મુખથી, દુઃખથી,
દુઃખી થઇ, અકળાય. થાય૦

ધર્મીષ્ટ, સર્વીષ્ટ, તે ધ્રષ્ટ, નૃપ શ્રીષ્ટ, ગર્વીષ્ટ નહિ લગાર,
દાખું છું, ભાખું છું, એવું હું ઠેવું છું,
તેહ ઉત્તમ નૃપ ધાર. ધ્રુવ
નરેશ, તખ્તેશ, દરેશ, કરેશ, એશ એશ રાખનાર,
રાજના, તાજમાં, લાજના, કાજમાં,
સમાજમાં દાતાર. ધ્રુવ.

સીતાજીના મહીનાનો રાગ.

જે ગોહિલ વંશના ભૂપ, તે સ્વર્ગે સીધાવીયા;
કહે લોકો પૂકારી અનુપ, અમને શું મૂકી ગયા.
વડા દિવાન વીઠ્ઠલભાઈ, કરે કલ્પાંત બહુ;
ભેળા થઇને નાગર ભાઇ, રૂવે છે સાથ સહુ.
તારા હજુરી રૂવે છે અપાર, ચાકર રૂવે હોલમાં;
દાસ દાસી રૂવે છે અપાર, રાણી રૂવે મોલમાં.
સાડા બારે મેલાવ્યા તાર, ઘણેરા ગામમાં;
પડી ખબરો ઠારો ઠાર, રૂવે સહુ ધામમાં.
રૂવે ભાવેણાની માંય, કુંવર ભાવસિંહજી;
રૂવે પોરબંદર રામ બા બહુ દીલગીર થઇ.
રાજકોટમાં કીંગ કોલેજ, કુમારોના કામની;
રૂએ સાંચે મંગળસિંહ ભાઇ, સુણી સ્વર્ગ નામથી,
ઝુરે ભાવેણાની માંય, હરીસીંહભાઇ બહુ;
જેઠીસિંહજી શીહોર માંય, કરે કલ્પાંત શું ?

વાટે વાટે ને ઘાટે ઘાટ, રૈયત રૂવે રાગથી;
ઉપજ્યો ઉમરાવોને ઉચાટ, આવા કાળા દાગથી.
ગરીબો ગોલાં ને ખવાસ, રૂવે નિરાધાર થઇ;
લીગે છાજીયાં આપ અપાસ, મોતીબાગની મહીં;
આવ્યા શહેરના લોકો અપાર, મળી મોતીબાગમાં.
રૂવે ધ્રુસકે શેરી બજાર, સ્રીઓ મળી રાગમાં;
રૂવે ભાયાતો શહેર મોઝાર, કણે ળાટ ગામમાં.
ઉપજી દીલગીરી અપરંપાર, ઘરે ઘરઠામમાં.
લેતા સર્વેની સરખી સંભાળ, હીંદુ મુસલમાનમાં;
ગણ્યાં સર્વને પોતાના બાળ; દેશ હિંદુસ્તાનમાં.
જાહેર ખબરો છપાણી તે દીન, ભાવેણાના ભુપની;
શોક પાળવા થઇ આધીન, પ્રજા જે આ નૃપની.
ભૂપ ભાવેણાના આજ, ગયા કૈલાસમાં;
ગયા સર્વ તણા સીરતાજ, પડયા સૌ ઉદાસમાં.

પરજ.

અરે દુઃખ શું કહું મારૂં રે—એ રાગ.

જુઓ આ ભૂપાળ જેવોરે, અવર નહિ રાજન એવો;
ભૂપ જોયા, બહુ નૃપ જોયા, પણ જોડ જડે નહિં કયાંઇ,
દુઃખસાગરને ડુબાવી પાછો સુખ કરે જઇ ત્યાંય. જુઓ.
વિશ્વ વિષે વિખ્યાત થઇ બહુ પામ્યા વિધ વૈમાન;
ગુણ તણો ભંડારને શુરો, તેની પડી ગઇ તાણ. જુઓ.

રોજ વધાર્યું નામ વધાર્યું, કરી મુસાફરી સાર;
શોધી હુન્નર લાવ્યા સ્વદેશે, ઉમંગે અપરંપાર. જુઓ.
ખુશી ખાતેથી જઇ વિલાયત, પામ્યા અતિશે માન;
રાણી સાહેબે રાજી થઇને, આપ્યો એલ. એલ. ડી. ચાંદ. જુઓ.
કસરતશાળા કરી ઉમંગે, લોકોના સુખને માટ;
ઈનામ આપે ઢીલને માટે, આપે દર વર્ષે ગાંઠ. જુઓ.
આશ્રય આપવા માટે કાયમ, જન્મોત્સવની માંય;
સ્કોલર શીપો સારી ઉઘાડે, એ ત્રણ શહેરની માંય; જુઓ.
ઘણ શાળાને સ્કૂલો સારી, કરી કેળવણી કાજ;
બુદ્ધિ વર્ધક કાર્યો કરીને, મેળવી અતીશે લાજ. જુઓ.
ધર્મ તણો જે સ્થંભ હતા તે, ઉડી ગયો કૈલાસ;
ક્યારે ગળી અમે તુજ મુખ જોઇશું, એવી સૌને આશ. જુઓ.
શહેર શોભવા માટે લાવ્યા, વળી ઇલેક ટ્રીક લાઇટ;
સારે સ્થાને ઇન્જીન મોકલી, કામ કર્યું ઓલ રાઇટ. જુઓ.
સર્વે ખાતા સારા સુધાર્યાં, મણા રાખી નહિં કંઇ;
હજુરી મેળવ્યા ઉત્તમ ઉત્તમ, પોતે પ્રસન્ન થઇ. જુઓ.
લુલા પાંગળા અપંગ માટે, ખર્ચ કર્યાં બહુ દામ;
રોજ જમાડયા રાજી થઇને, નામ પડયું *શ્રી રામ. જુઓ.
શિયાળામાં દરેક વર્ષે આપી ગરિબોને શાલ;
વશ કરે નેકીરતા આપે, વહેંચે ઘણેરા માલ. જુઓ.
કોઇ કવિ કરે પુસ્તક તોપણ, પુન્ય ગુણનો નાવે પાર;

– રામ જેવા ગણાયા.

દુઃખ વિદારણ કરનારા એવા, ઉત્તમ એ દરબાર. જુઓ.
સ્વર્ગની માંહે વાસ થવાથી, લોક કરે હાય હાય;
પોક મુકીને રૂવે નિશ્વાસે, વાત સુણે એ જ્યાંય. જુઓ.
જનો જણાયે વિલાપ કરતા, નહિ મોઢાપર નૂર;
રાગડા તાણી ઝુરે પ્રજા બહુ, કાળ નડયો શીદ ક્રૂર. જુઓ.
અરર રાણી આખા પુરમાં, કોલાહલ રહી છે અપાર;
સર્વ જણામાં શોક જણાયે, ગોહિલવાડ મોઝાર. જુઓ.
રાજ્ય ચલાવ્યું રૂડી રીતે, સુખથી બાવીશ વર્ષ;
રંગ જામ્યો ને આવી ખુબી ત્યાં, ભંગ થઇ ગયો હર્ષ. જુઓ.
નામ સુણીને થર થર કંપે, અરિ સ્વદેશ વિદેશ;
ઉદેશ દેતા અતિ ઉમંગે, (જેના) દેશ અને * શેર બેશ. જુઓ.
દુલ્લા અમુલ્લા ભૂપ ગયાથી, લાગે ચાટકી શહેર;
સુખની સીમા દૂર થવાથી, જતી રહી લીલા લહેર. જુઓ.

ગજલ.

દુઃખ વાદળી આ અરિ સમી, ભૂપ ભાવેણાનો હરી ગઇ,
ત્રણ દીન સુરજમાં વાદળી, શામાટ વાને લઇ ભગી;
ઘાતકારી તેને આજે ગણી, ખરી વાત કેવા આવી હતી. દુઃખ.
વાત પળની માંહે બની અજબ, કહે ગામમાં સૌ ગજબ ગજબ;
ગયો બાપ જેહ હતો જગત, દુઃખો સ્વર્ગ વાટે લઇ ગઇ. દુઃખ.
બેલી સર્વનો તે ચાલ્યો ગયો, કીરતારી કોપ આજે થયો;
રાજ ગાદી શીદ છોડી ગયો, બરોબર બપોરે હાણ થઇ. દુઃખ.

રાજ સ્થંભ ને પીતા તુલ્ય તે કર્યાં કામ તેણે અમૂલ્ય જે;
થઇ માટ શા ઇશ ભૂલરે હાય હાય અતિશે પૂરી મહી. દુઃખ.
રાજ્યમાં કળાને કૌસલ્યતા પોતે પંડિતોની જેવા હતા.
શોભે જાણે વૃક્ષ ઉપર લત્તા, હાય વાગી હદ પેટને જઇ, દુઃખ.
મળ્યા ભોગ સર્વે જનો તણા, જેના ન્યાય માંહે નહિં મણાં.
ઝુરે સાથ ટોળે મળી ઘણાં, ખોટ રાજમાંહે આવી ગઇ; દુઃખ.
આવે ભાયાતો બહુ દુરથી, ઝુરે વાત સુણી સો ઉરથી.
પડયા છુટા સર્વે જણ તુરથી, ભૂપ શોધવા હવે ક્યાં જઇ; દુઃખ.
૧ શાહેર. ૨ રહી.

બનજારો.

અરે ભાવપૂરીના રાણા, હતા શુરવીર ને વળી શાણા.
તમ સમ નવ નિરખ્યો ભુપ, ગુણ અને વળી શુભ રૂપ.
બહુ પરાક્રમી વરતાણા, હે ભાવપુરીના રાણા,
તમ માટ સોક બહુ થાયે, મનમહિં જનો મુઝાંયે,
દાનેશ્વરી બહુ કેવાણા. હે૦
રણ બિર પીતા વિણ ઝાઝો, આશરો મળે નહિ તાજો,
હવે ક્યાં એ ગુણના ગાણા. હે૦

રાગ.

અરે રામ આતે શો જુલ્મ કર્યો,
પીતા રૂપ તજાને સીદને હર્યો.

અરે શું એ આજે ગયાં કૈલાશ,
રૂવે બહુ રાણી અને સર્વ દાશ.
કરી કલ્પાંત કુંવર એ રૂવે,
અરે આજે ઉમરાવો સર્વે ઝુરે.
કુંવરીઓ રૂવે અતિ પોકાર દઈ,
ઝુરે બાપા બાપા એ નામ લઈ.
દુખી થાયછે સર્વે આપ વિના,
મુખેથી કહી જાય નહિ એ બીના.
કહે દુઃખેથી કારભારી મંડળ,
નથી ભાવતુ હવે અન્ન કે જળ.

નાથ કૈસે ગજકો એ રાહ.

ભીખારી

અરે ઇશ રંકોની રાવ સાંભળજો,
સુણી વાત દયા ચિત ધરજો. અરે૦
દુખી લોકોના દુખ વિદારે, એવા હર્યા તેં ભુપ,
શાને માટે હવે જીવવું જાતે, ક્યાંથી મળે આવા નૃપ. અરે૦
દુનિઆનીમાંહે અવતાર લઇને જોયા ઘણા દેશ રાય,
કોઇ ન જોયો આવા રાજા સમ, ખેરાત જ્યાં બહુ થાય. અરે૦

માલિની.

નહિ નહિ શશિ સારી, દુઃખથી છે ભરેલી;
નહિ નહિ શશિ સારી, કરે દામેથા ઘેલી;

નહિ નહિ શશિ સારી, તખ્તુ વીના આજ ભાસે;
નહિ નહિ શશિ સારી, કાલે ક્યાં કુલિત થાશે;
નહિ નહિ શશિ સારી, એક ઠામે ઠરેલી;
નહિ નહિ શશિ સારી, પાપથી છે ભરેલી.

રાગ મરસીયા.

હાય હાયરે તખ્તસિંહ ગયા કૈલાસમાં, તખ્તસિંહ ગયા કૈલાસમાં
જતાં હીરે પડયા સૌ નિરાશમારે. હાય.
શોક સર્વ ઠેકાણે વર્તાયે, રૂવે રૈયત, ખબર જણાયે;
થાય ચિન્તા બહુ મનમાંયેરે હાય.
અતિ દુઃખ આપ્યું પ્રભુ પ્યારા, થયા લોકો સહુ નિરાધારા,
ગયા ભુપ તખ્તેશ ઉદાસરે. હાય
તેહ ગોહિલ વંશના રાજા, હતા ગરીબો તણા નવાજા;
શોક સાગરની ના રહી માઝારે. હાય.
કર્યાં તેણે અતિ પુણ્ય કામ. હામ ખર્ચ્યાં જ્યાં ધર્મનું નામ;
ગવાય સ્થાને સ્થાને ગુણ ગાનરે. હાય.
ગયા સૃષ્ટી તજીને ભુપ, નથી મળવો જોટો ક્યાંય નૃપ;
તખ્તનો એક તખ્ત અનુપરે. હાય.
નહિ કોઇની ઉપમાં અપાયે તેહતો તેહ એમજ ગણાયે
તુટયો ધર્મ ધજાગરો જણાયે રે. હાય
દીન લોકો રડેછે ઉદાસે વૃક્ષ કરમાઇ ગયેલાં ભાસે;
જાણી પક્ષી ઉડે ને આકાશે રે. હાય.
સુણી સ્વર્ગે જવાનું નાગ, દુખ દરીસો રોક્યો છે જનાગ;
કૂડી સંભારે સૌ અભિધાનરે. હાય.

બાંધ્યા ધર્મશાળા ને તળાવો કુવા દેરાં અને વળી વાવ્ય;
મન માન્યા લહાવ્યા લીધા લાવો રે. હાય.
ચોરી ધર્મની શાળા બંધાવી, સુખ બીજ રંકો માટે વાળી;
લીધી આશીશ બહુ મન ભાવી રે. હાય.
રાજ્યમાંહે જરી નહિ ખામી જહાં અત્યંત સુખી જનગી;
ત્યહાં થયા સ્વર્ગ તણા ધામી રે હાય.
મહારાજા તખ્તસિંહ મૂવે કૈક માથું પછાડીને રૂવે
ઢોલ પછાડી ભોંયપર સુવે રે. હાય.
વાટ વાટે હાટ ઘાટ ઘાટે, રંક સર્વ તખ્તેશને માટે.
પોક મુકે ગોદ્દેથી ઉચાટે રે. હાય.
લાવી આંસુને રોઇએ ભુપાળ ક્યાંગયા નિર્ગંશુ આવા કૃપાળ;
કહે ઉમર રૂવે સહુ બાળ રે. હાય.
ઓગણીસો ને બાવનની સાલ, મૂવા મહા શુદી માંહે કાળ;
ધરા ચૌદસે બાંધ્યો ઝાળ રે. હાય.

દોહરો.

ભાવેણાના ભુપતી, તખ્તસિંહ મહારાજ,
મહિપ રંકનો માળવો, સર્વ તણા શિરતાજ.
ફાની દુનીઆ ત્યાગીને, પામ્યો સ્વર્ગ વાસ,
જુલમ જગત્તમાં આ થયો, કહે આપના દાસ.
જાન્યુઆરી છવ્વીસ, તારીખ ઓગણત્રીશ,
કોપ થયો આ કારમો, ભાવેણામાં ઇશ.